વિરપુરમાં મળેલી અ.ગુ. લોહાણા સમાજની સામાન્ય સભા તથા પ્રદેશ સંમેલનમાં સોંપાયેલી જવાબદારીમાં આગેકૂચઃ જીતુભાઈ લાલ

ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમના હોદ્દેદારોની વરણીઃ ટૂંક સમયમાં વધુ નિમણૂકો

જામનગર તા. ૨૪: ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમના હોદ્દેદારોની વરણી કરતા પ્રદેશ પ્રમુખ જીતુભાઈ લાલે જણાવ્યું હતું કે, ગુજરાત લોહાણા સમાજની મળેલી સામાન્ય સભાના ઠરાવ મુજબ પ્રદેશ સંગઠન વધુ મજબુત બનાવવાની કાર્યવાહીમાં આગેકૂચ થઈ છે અને પ્રાદેશિક ઐતિહાસિક સંમેલનમાં સોંપાયેલી જવાબદારીને ન્યાય આપવા હું હંમેશાં કાર્યરત રહીશ.

ગુજરાતભરના રઘુવંશી લોહાણા સમાજને એકસૂત્રતાના તાંતણે બાંધવા માટે વિરપુરમાં મળેલી અખિલ ગુજરાત લોહાણા સમાજની સામાન્ય સભા તેમજ પ્રદેશ સંમેલનમાં સર્વાનુમત્તે થયેલા નિર્ણય મુજબ ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમ નામક નવી સંસ્થાની નોંધણી કેન્દ્ર સરકારના પ્રસ્થાપિત કાયદા હેઠળ કરી લીધા પછી લોહાણા સમાજના આ પ્રદેશ સંગઠન ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હોવાનું સંસ્થાના પ્રમુખ જીતુભાઈ લાલે જણાવ્યું છે.

આ અંગેના નિવેદનમાં ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમ તેમજ અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ શ્રી જીતુભાઈ લાલે જણાવ્યું છે કે, સંતશિરોમણી પૂ. જલારામબાપા આશીર્વાદથી યાત્રાધામ વિરપુરમાં તા. ૨૯-૦૯-૨૦૨૪ના અખિલ ગુજરાત લોહાણા સમાજની સામાન્ય સભા તથા અખિલ ગુજરાત લોહાણા સમાજ ટ્રસ્ટની મિટિંગ તેમજ રાજયભરના રઘુવંશી લોહાણા સમાજનુ મહાસંમેલન મળ્યું હતું. જેમાં સર્વાનુમતે થયેલા ઠરાવ મુજબ કેન્દ્ર સરકારના પ્રસ્થાપિત કાયદા હેઠળ ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમની નોંધણી કરાવવામાં આવી છે અને હવે આ સંસ્થાના નેજા હેઠળ રાજયભરમાં સમાજની એકતા-પ્રગતિ માટે વિવિધ કાર્યો કરવામાં આવશે, સાથે જ સમાજના સંગઠનને વધુ મજબુત બનાવવાની દિશામાં પણ કાર્યવાહી કરીને મારી જવાબદારીને ન્યાય આપવા પૂરતા પ્રયાસોના ભાગરૂપે પૂ. વીરબાઈમાં તથા પૂ. સંત ભોજલરામબાપાના આશીર્વાદથી ગુજરાત રઘુવંશી લોહાણા સમાજના ભૌગોલિક રીતે ૯ વિભાગ કરીને નવા પ્રમુખ ઉપરાંત ૪૯ હોદ્દેદારો જેમાં ગુજરાતના ઉપપ્રમુખો શૈલેષભાઈ સોનપાલ, રાજુભાઈ પોબારૂ, હિમાંશુભાઈ ઠક્કર, યોગેશભાઈ ઉનડકટ, અતુલભાઈ પાવાગઢી, ફરસુભાઈ ગોકલાણી, અરવિંદભાઈ પાબારી, રાજુભાઈ શિંગાળા, ધારાશાસ્ત્રી અવનિશભાઈ ઠક્કર અને આઉટ ઓફ સ્ટેટ ઉપપ્રમુખોમાં અજયભાઈ વડેરા અને ભરતભાઈ દાનાણી તેમજ આઉટ ઓફ કન્ટ્રીના ઉપપ્રમુખો તરીકે ભાસ્કરભાઈ કોટેચા અને જીતુભાઈ તન્નાની વરણી જાહેર કરતા આનંદ અને ગૌરવ અનુભવુ છું.

આ ઉપરાંત સંસ્થાના મંત્રી તરીકે જામનગરના રમેશભાઈ દત્તાણી તેમજ સહમંત્રી પદે જામનગરના હિતુલભાઈ કારીયા તથા ખજાનચી તરીકે દિનેશભાઈ મારફતીયા અને સહ ખજાનચી તરીકે ધ્રોલના ભાવિનભાઈ અનડકટને નિમણૂક આપવામાં આવી છે. જયારે સંગઠન મંત્રીઓ તરીકે કાલાવડ સ્થિત રૂગ્ગીભાઈ નટવાણી, જામનગરના ગોવિંદભાઈ મોરઝરીયા અને પોરબંદરના ગોવિંદા ઠકરારને જવાબદારી સુપ્રત કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રચાર-પ્રસાર મંત્રી તરીકે જામનગરના કૈલાશભાઈ બદિયાણી અને કાર્યાલય મંત્રી તરીકે જામનગરના સુરેશચંદ્ર રાડીયાની વરણી કરવામાં આવી છે.

ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમના માર્ગદર્શક અને સલાહકાર તરીકે સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જજ સી.જે. ઠક્કર તેમજ જામનગરના વરિષ્ઠ ધારાશાસ્ત્રી ભરતભાઈ સુખપરીયા રહેશે.

આ ઉપરાંત ગુજરાત રાજયના સંગઠન માળખામાં ઉપપ્રમુખો સાથે જિલ્લાવાર પ્રમુખોની પણ વરણી કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ સુરતના શૈલેષભાઈ સોનપાલને દક્ષિણ ગુજરાત ઝોનની જવાબદારી અને દક્ષિણ ગુજરાત ઝોનના જિલ્લાઓમાં સુરત જિલ્લા પ્રમુખ તરીકે ચંદુભાઈ ખખ્ખર, ભરૂચ-નર્મદા જિલ્લા પ્રમુખપદે નરેશભાઈ પુજારા (અંકલેશ્વરવાળા), નવસારી જિલ્લા પ્રમુખ તરીકે ઉમેશભાઈ (રાજુભાઈ) ઉનડકટ, ડાંગ-તાપી જિલ્લા પ્રમુખ પદે શૈલેષભાઈ દેવાણી (વ્યારા) અને વલસાડ જિલ્લા પ્રમુખ તરીકે નરેન્દ્રભાઈ માખેચાની નિમણૂક કરવામાં આવી છે.

એ જ રીતે ઉપપ્રમુખ આણંદના અતુલભાઈ પાવાગઢીને મધ્ય ગુજરાત ઝોનની જવાબદારી અને જુદા-જુદા જિલ્લાના પ્રમુખો તરીકે કલ્પેશભાઈ મૃગ (વડોદરા), ખંભાતના એડવોકેટ રમણીકલાલ હિરાલાલ ઠક્કર (આણંદ), ગોધરાના ચેતનભાઈ સોઢા (પંચમહાલ), નડીઆદના મહેશભાઈ ઠક્કર (ખેડા-મહીસાગર), બોડેલીના અરવિંદભાઈ ઠક્કર (છોટાઉદેપુર)ને જવાબદારી સોંપવામાં આવી છે.

ઉપપ્રમુખ રાધનપુરના ફરસુભાઈ ગોકલાણીને ઉત્તર ગુજરાતની જવાબદારી અને જિલ્લા પ્રમુખો તરીકે નેહુલભાઈ જગદીશભાઈ ઠક્કર (મહેસાણા-અરવલ્લી), ડીસાના નિલેશભાઈ ઠક્કર (બનાસકાંઠા), હિતેશભાઈ ઠક્કર (પાટણ), અને હિંમતનગરના વિપુલભાઈ ઠક્કર (સાબરકાંઠા)ને નિમણૂક આપવામાં આવી છે.

ઉપપ્રમુખ અમદાવાદના હિમાંશુભાઈ ઠક્કરને અમદાવાદ (કર્ણાવતી)ઝોનની જવાબદારી અને જિલ્લા પ્રમુખ તરીકે ભરતભાઈ માવાણી અને ભરતભાઈ ઠક્કરને ગાંધીનગર જિલ્લાના પ્રમુખ તરીકે વરાયા છે.

તેમજ ઉપપ્રમુખ રાજકોટના રાજુભાઈ પોબારૂને સૌરાષ્ટ્ર ઝોન-૧ની જવાબદારી અને જિલ્લાઓમાં વિરપુરના નરેશભાઈ ચાંદ્રાણી (રાજકોટ જિલ્લા), મુકેશભાઈ ગોવાણી (સુરેન્દ્રનગર જિલ્લા) પ્રમુખ તરીકે નિમણૂક આપવામાં આવી છે.

ઉપપ્રમુખ બારાડીના અરવિંદભાઈ પાબારીને સૌરાષ્ટ્ર ઝોન-૨ની જવાબદારી અને જિલ્લામાં જામનગરના ભરતભાઈ સી. મોદી (સાબુવાળા)ને જામનગર જિલ્લાના પ્રમુખ તરીકે અને ઓખાના મોહનભાઈ બારાઈને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રમુખ તરીકે વરાયા છે.

આ ઉપરાંત ઉપપ્રમુખ તાલાલાના યોગેશભાઈ ઉનડકટને સૌરાષ્ટ્ર ઝોન-૩ની જવાબદારી અને જિલ્લાઓમાં એડવોકેટ જયકિશનભાઈ દેવાણી (જુનાગઢ), સાગરભાઈ મોદી (પોરબંદર) અને કેતનભાઈ ચાંદ્રાણી(ગીર સોમનાથ)ને જિલ્લા પ્રમુખ તરીકે વરાયા છે.

સૌરાષ્ટ્ર ઝોન-૪ની ઉપપ્રમુખ અમરેલીના રાજુભાઈ શિંગાળાને જવાબદારી સોંપવામાં આવેલ છે.

કચ્છ ઝોન માટે ઉપપ્રમુખ ભુજના એડવોકેટ અવનીશભાઈ ઠક્કરને જવાબદારી સોંપવામાં આવેલ છે.

તેમજ આઉટ ઓફ સ્ટેટ ગુજરાતની જવાબદારી ઉપપ્રમુખ ગોંદિયા-મહારાષ્ટ્રના અજયભાઈ વડેરા તેમજ મુંબઈના ભરતભાઈ દાનાણીને સોંપવામાં આવેલી છે.

તદ્ઉપરાંત આઉટ ઓફ કન્ટ્રીની ઉપપ્રમુખો યુગાન્ડાના ભાસ્કરભાઈ કોટેચા અને દુબઈ-મસ્કતના જીતુભાઈ તન્નાને સોંપવામાં આવેલી છે.

આ અંગેના અખબારી નિવેદનમાં ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમના પ્રમુખ જીતુભાઈ લાલે જણાવ્યું છે કે, આ નિમણૂક ઉપરાંત બાકી રહેતી પદાધિકારીઓની વરણીઓ ટૂંક સમયમાં રાજયમાં લોહાણા સમાજના સંગઠનને વધુ સક્રિય અને ચેતનવંતુ બનાવવાની દિશામાં આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આ નવી સંસ્થાની નોંધણી કેન્દ્ર સરકારના પ્રસ્થાપિત કાયદા હેઠળ સંપન્ન થઈ છે

કરોડોની જમીનના ભાડાપટ્ટામાં માત્ર પાંચ રૂપિયે ફૂટ અને

ગરીબ શાકભાજી વેંચનારા લોકોનું એક ગાળાનું ભાડું ૬૦ માંથી સીધું રૂા. ૮૦૦ : હળહળતો અન્યાય

નગરપાલિકાના ભાજપના શાસનમાં ભૂંડા ભ્રષ્ટાચારની આશંકા

ખંભાળિયા તા. ૨૪: ખંભાળિયા પાલિકામાં ભાજપનું શાસન છે અને ભાજપ પક્ષ ગરીબો-પીડિતોની મદદ કરનાર ગણાય છે, ત્યારે અહીં 'ઉલટી ગંગા'નો ઘાટ થયો છે. તાજેતરમાં શહેરના ક્રીમ ગણાતા વિસ્તારોમાં જમીનો પર ભાડાપટ્ટા પર દુકાનો, ફેક્ટરીઓ, ઘર, મીલો, અન્ય હેતુઓ માટે બજાર કિંમત કરોડો છે તેવી જમીનો ભાડાપટ્ટા પર પાલિકાએ આપેલી છે, તેમાં વર્ષોથી ફીક્સ ભાડું જ લેવાતું હોય, આ જમીનોને માત્ર પાંચ ફૂટ-માસિક ભાડા લેવા સામાન્ય સભામાં ઠરાવ થયો હતો. જેનાથી વીજબીલ ભરવા પણ અસમર્થ તાળિયાઝાટક તીજોરીવાળી ખંભાળિયા પાલિકાની આર્થિક સ્થિતિ મજબૂત બનતા ભાડાપટ્ટાના આસામીઓના દબાણથી માત્ર મહિને પાંચ રૂપિયા અન્ય ન.પા.માં ૧૦-૧૨ રૂપિયા છે) વાળો આ ઠરાવ સામાન્ય સભામાં ફરી લેવાયો અને તેમાં જુનું ભાડું ફીક્સ માન્ય રખાયું. માત્ર પાંચ રૂપિયા કરવાથી એક સૌથી મોટા ભાડાપટ્ટા ધારકને વર્ષે ૩૬ લાખ ભરવાના થતા પણ જુના ભાડાપટ્ટામાં માત્ર હજારો જ.

મોટા આસામીઓ સામે પાલિકાની આવી નીતિ છે, જ્યારે ખંભાળિયા પાલિકાની શાક માર્કેટમાં આવેલા ૩૦-૩૫ ફૂટના ગાળા જેના પર ગરીબ શાકવાળો શાક વેંચીને ગુજરાન ચલાવે તેનું ભાડું ૬૦ રૂપિયા હતું તે ૮૦૦ સીધું થઈ ગયું.

૧૩ ગણું ભાડું વધ્યું

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

પાલિકાના ભાડાપટ્ટાની કિંમતી જમીનો કે જે શહેરના જોધપુર ગેઈટ, નગર ગેઈટ, ચાર રસ્તા, સિનેમા રોડ પર આવેલી છે તેમાં મહિને પાંચ રૂપિયા ફૂટ ભાડું વધારવું નથી, જ્યારે ગરીબ ગાલાવાળાના ભાડા એકસાથે તેર ગણા થઈ ગયા. માસિક ૬૦ રૂપિયા ભાડું હતું તે વધારીને ૧૮૦૦ કરાયું હતું, પણ પછી દેકારો થતા ભાડું હમણાની સામાન્ય સભામાં ૮૦૦ થયું. ૬૦ રૂપિયા મહિનેના ૮૦૦ રૂપિયા સીધું તેરગણું ભાડું, નવાઈની વાત છે કે, જે ૩૦-૩૫ ફૂટ ગાળાનું છે તેની જગ્યાનું માસિક ભાડું ફૂટનું ૨૨ રૂપિયા થાય છે જ્યારે ભાડાપટ્ટાની જગ્યાનું માલિક ભાડું રૂા. પાંચ પણ લેવાતું નથી. ખંભાળિયા પાલિકાની ગરીબો તથા ધનિકો સાથેની આ અસમાનતાભરી સ્થિતિ ભારે ચર્ચાસ્પદ બની છે, તો છાશવારે ભાજપનો વિરોધ કરનારા કોંગ્રેસ અને આપ જેવા પક્ષોનું આ ભાવ વધારા મુદ્દે 'મૌન' પણ રહસ્યમયી બન્યું છે. શું તેમને આ ગરીબ ગાલાવાળાઓ પ્રત્યે સહાનુભૂતિ નથી? કે પછી ભાડાપટ્ટાના આસામીઓએ જેમ ભાજપના સત્તાધીશો પર જાદુ કર્યો તેમ એમના પર પણ સંમોહન થઈ ગયું છે કે શું?

પોલીસની મદદ જ નહીં, વિકલ્પ તરીકે પણ

રાત દિવસ સુરક્ષા સંભાળતા હોમગાર્ડઝ જવાનોના ભથ્થા વધારવા મુખ્યમંત્રીને રજૂઆત

અન્ય રાજ્યોમાં રૂા. ૯૦૦ અને ગુજરાતમાં માત્ર રૂા. ૪૫૪ દૈનિક ભથ્થું

જામનગર તા. ૨૪: ગુજરાત રાજ્યમાં લગભગ ૪૦ હજાર જેટલા હોમગાર્ડઝ કાર્યરત છે. પોલીસ સાથે ખભે ખભા મિલાવી હોમગાર્ડઝ જવાનો ફરજ બજાવે છે. રાજ્યમાં હાલમાં પોલીસની મોટી ઘટ છે ત્યારે હોમગાર્ડઝ જવાનો રાત-દિવસ ફરજ પર હાજર હોય છે.

આ ફરજ માટે હોમગાર્ડઝ જવાનોને રૂા. ૪૫૪નું દૈનિક માનદ્ ભથ્થું ચૂકવવામાં આવે છે. હોમગાર્ડઝ દળમાં ફરજ બજાવતા મોટા ભાગના જવાનો મધ્યમ વર્ગથી નીચેના વર્ગના યુવાનો જોવા મળે છે.

આ યુવાનો દિવસે મજૂરી કામ, નાના નાના રોજગાર કે નોકરી કરતા હોય છે. હોમગાર્ડઝની સેવા દેશભરમાં કાર્યરત છે. દેશના અન્ય રાજ્યોમાં હોમગાર્ડઝ જવાનોનું માનદ્ ભથ્થું રૂા. ૯૦૦ આસપાસ છે.

ગુજરાત રાજ્યમાં આ ભથ્થું રૂા. ૪૫૪ છે. આ ભથ્થું અન્ય રાજ્યોની સરખામણી એ ઘણું ઓછું કહેવાય. જામનગર હોમગાર્ડઝના પૂર્વ સ્ટાફ ઓફિસર હેમત ગોહિલે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી રાજ્યના હોમગાર્ડઝ જવાનોના ભથ્થામાં વધારો કરવા માંગણી કરી છે.

નેત્ર નિદાન કેમ્પ

જામનગર તા. ૨૪: રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ અને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી-જામનગર તથા રણછોડદાસ બાપુ આશ્રમ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ તા. ૨૬ ના સવારે ૯ વાગ્યે રંગુનવાલા હોસ્પિટલ, કાલાવડનાકા પાસે, જામનગરમાં યોજવામાં આવ્યો છે. મોતિયાના ઓપરેશન માટે દર્દીઓને રણછોડદાસ આશ્રમ હોસ્પિટલ-રાજકોટ મોકલવામાં આવશે જ્યાં દર્દીઓને આવવા-જવા, રહેવા-જમવા સહિતની વ્યવસ્થા નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે.

સમર્પણ, બેડી ઈએસઆર અને ખીજડીયા ફિલ્ટર પ્લાન્ટમાં કામ હોવાથી

જામનગરના અનેક વિસ્તારમાં આજે પાણી પુરવઠો બંધ

જામનગર તા. ૨૪: જામનગરમાં આજે કેટલાક વિસ્તારમાં પાણી વિતરણ બંધ રહેશે. આ વિસ્તારોમાં આવતીકાલે પાણી વિતરણ થશે.

જામનગરમાં સમર્પણ અને બેડી ઈએસઆર જરૂરી કામગીરી અર્થે તા.૨૪ ના અનેક વિસ્તારમાં પાણી વિતરણ બંધ રહેશે. જેઓને બીજા દિવસે પાણી વિતરણ કરવામાં આવશે.

જામનગર મહાનગર પાલિકાની વોટર વર્કસ શાખાની યાદી જણાવે છે કે, તા. ૨૪-૦૨-૨૬ મંગળવારના સમર્પણ ઈએસઆરમાં જુના સમ્પના ડિમોલીશન કામમાં પાણીની આવકની મુખ્ય પાઈપલાઈન શીફટીંગ કરવાની હોય, બેડી ઈએસઆરમાં સમ્પ સફાઈનું કામ કરવાનું હોય, અને ખીજડીયા ફીલ્ટર પ્લાન્ટ માં સ્કાડા ફ્લોમીટર ફીટીંગ કામ કરવાનું હોવાથી, સોલેરીયમ ઝોન હેઠળ આવતા વિસ્તારો ગાંધીનગર મેઈન રોડ, મોમાઈનગર-૧ થી ૫, ગોકુલધામ, નહેરૂનગર, મચ્છરનગર, શાંતિનગર, શાસ્ત્રીનગર, લાલબહાદુર સોસા., પટેલ કોલોની ૧ થી ૧૨ મંગલબાગ ૧ થી ૪, આહીર બોર્ડીંગ ,પુનાતર હોસ્પીટલવાળો વિસ્તાર, વાલ્કેશ્વરીનગર, સ્વસ્તિક સોસાયટી, પારસ સોસાયટી, સદગુરૂ કોલોની, હિંમતનગર ૧ થી ૫, જયંત સોસાયટી, દ્વારકેશ સોસાયટી, વિકાસ ગૃહ રોડ, રામેશ્વરનગર, માતૃ આશીષ, પટેલ કોલોની ૧ થી ૮ રોડ નં.૪, પટેલવાડી વિગેરે વિસ્તારો,નવાગામ ઘેડ ઝોન હેઠળ આવતા ખડખડનગર, વિનાયક પાર્ક, જાશોલીયા સોસાયટી, ગાયત્રી ચોક, સિદ્ધેશ્વર સોસાયટી, વિવેકાનંદ સોસાયટી, દલીતવાસ, માડમફળી, ઈન્દિરા-એ, મધુવન સોસાયટી, ઈન્દીરા-બી,આનંદ સોસાયટી, મીલન સોસાયટી, માતૃઆશીષ-૪ અને ૫, કબીરનગર જશવંત સોસાયટી, નાથેરવાસ, સરસ્વતી સોસાયટી, માસ્તર સોસાયટી, તથા વિમલપાર્ક, માટેલ ચોક, માટેલ ચોક, રાજરાજેશ્વરી, ગાયત્રીનગર, જલારામ નગર, શિવમ એસ્ટેટ, વિનાયક પાર્ક, કિષ્ના પાર્ક, શક્તિ પાર્ક, નવજીવન, પટેલ વાડી, નિર્મળનગર, ભોળેશ્વર, રામેશ્વરનગર, સંસ્કાર દિપ, ગાયત્રી શેરી નં. ૧,૨,૩, નંદન પાર્ક, બાપુનગર, રાઠોડ ફળી, પરમાર ફળી, ગોપાલ ચોક, ૮૦ ક્વાર્ટર મધુરમ રેસીડેન્સી વિસ્તારો બેડી ઝોન હેઠળ આવતા વિસ્તારો ચરી-૧,૨, ઈકબાલ ચોક, શેરે રજા ચોક, પીરોટન ચોક, જામા મસ્જીદ ચાંદની ચોક કરીમ જામનું નાકુ, દેનાબેંક મીલ વિસ્તાર, જોડીયાવાળો ડેલો, હાઉસીંગ બોર્ડ, પાંચની ચાલી, વૈશાલી નગર-૧ થી ૭, રામમંદિર ચોક, અઢીની ચાલી, ધરાર નગર, પાણાખાણ, જુનુ, એકડે એક બાપુ વિસ્તાર, જોડીયા ભુંગા ગરીબનગર, પાણાખાણ, નવી લાઈન, દિવેલીયા ચાલી, જુનુ પાણાખાણ નવુ પાણાખાણ, સલીમબાપુના મદ્રેસા, વિગેરે તેમજ સમર્પણ ઝોન-એ હેઠળ આવતા વિસ્તારો શિવમ સોસાયટી, ઓશવાળ-૨,૩,૪, પટેલ નગરી, કેવલીયાવાડી, શીવમ સોસાયટી, મહાવીર પાર્ક, સિદ્ધિ પાર્ક, ગોકુલધામ, જોઈસરપાર્ક, વૃંદાવન સોસાયટી, દવાબજાર, જોઈસરપાર્ક, વાસાવીરા, મયુરવિલા, પંડિત દીનદયાલ આવાસ, ધરારનગર-૧, ઝુંપડપટ્ટી, હાઉસીંગ બોર્ડ, જંગલખાતુ અને સદગુરૂ સોસાયટી, વિગેરે વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. ઉક્ત વિગતે પ્રથમ બંધ રહેલ ઝોન વિસ્તારમાં પાણી વિતરણ કરવામાં આવશે, તથા બીજા દિવસે રૂટીન લગત ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે, તેમ વોટર વર્કસ શાખાના કાર્યપાલક ઈજનેર જામનગર મહાનગર પાલિકાની યાદીમાં જણાવાયું છે.

જામનગરના અગ્રણી ઉદ્યોગકાર પરિવારના વડીલના લગ્નદિન તથા પુત્રના જન્મદિનની અનોખી ઉજવણી

જામનગરમાં જોબનપુત્રા પરિવાર નિર્મિત "મીયાવાકિ વન" નું સદ્ભાવના વૃદ્ધાશ્રમના સંચાલકની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન

દેશી ફળની ૧૦૦ થી વધુ પ્રજાતિના આયુર્વેદિક તથા ફળોના એક લાખથી વધુ વૃક્ષોનો પ્રોજેકટ

જામનગર તા. ૨૪: જામનગર શહેરમાં સામાજિક તથા સેવાકિય પ્રવૃત્તિઓમાં સતત અગ્રેસર રહેતા જોબનપુત્રા પરિવારના જલારામ મેટલ એલોયઝ વાળા મેહુલભાઈ જોબનપુત્રા દ્વારા પ્રકૃતિને સાચવવા તથા ખાસ કરીને ધરતીને હરીયાળીથી ઢાંકવા તથા આવનાર ભાવિ પેઢીને શુદ્ધ હવા, ઠંડક અને સુરક્ષિત પર્યાવરણ અને આહ્લાદક વાતાવરણ આપવાના આશયથી તથા ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ અને સ્વસ્થ ભારતના વિઝનથી પ્રેરાઈ અને સ્વચ્છ અને હરિત ભારતના સ્વપ્નને સાકાર કરવાના શુભ આશયથી સદ્ભાવના વૃદ્ધાશ્રમના સહયોગથી આશરે ૩૦ વિઘા જગ્યામાં, ગત ઓગષ્ટ ૨૦૨૫ થી દેશી ફળના ખાસ કરીને આયુર્વેદિક વૃક્ષો તથા ફળોના વૃક્ષો મળીને ૧૦૦ કરતા પણ વધુ પ્રજાતિના ૧,૦૨,૧૦૦ વૃક્ષો વાવી "મીયાવાકિ વન"નું ભવ્ય નિર્માણ કરેલ હતુ. જામનગર શહેરમાં પ્રથમ અને એકમાત્ર પ્રોજેકટ આવનારા વર્ષોમાં હજારો પક્ષીઓનું આશ્રયસ્થાન બનશે અને સાથોસાથ લોકો માટે શાંતિ, શુદ્ધ હવા અને સ્વસ્થ જીવન માટે આશીર્વાદરૂપ બની રહેશે.

જામનગર શહેરના અગ્રણી ઉદ્યોગપતિ ધીરજલાલ ત્રિભોવનદાસ જોબનપુત્રા તથા શ્રીમતી રમિલાબેન જોબનપુત્રાના લગ્નજીવનની ૪૭મી વર્ષગાંઠ તથા મેહુલભાઈ જોબનપુત્રા પુત્ર ચિ. નમનના ચોથા જન્મ દિવસની જોબનપુત્રા પરિવાર દ્વારા અનોખી રીતે પ્રેરણારૂપી બની રહે તે પ્રકારની ઉજવણી કરવામાં આવી હતી. જેના સહયોગથી આ સ્વપ્ન સાકાર બન્યુ છે એવા સદ્ભાવના વૃદ્ધાશ્રમના સંચાલક અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં અમૂલ્ય યોગદાન આપનાર, વિવિધ સામાજીક પ્રવૃત્તિઓમાં લોકો માટે પ્રેરણાસ્રોત બનનાર, સેવા, સમર્પણ અને સંકલ્પ જેમનું સૂત્ર છે અને નિસ્વાર્થ ભાવથી માનવસેવા અને પર્યાવરણની જાળવણી પ્રત્યેની જેમની પ્રતિબદ્ધતા સરાહનીય રહી છે તેવા વિજયભાઈ ડોબરીયાની ઉપસ્થિતિમાં "મીયાવાકિ વન"નું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે જામનગરના આગેવાનો, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ, વેપારીઓ, ઉદ્યોગકારોએ ઉપસ્થિત રહી જોબનપુત્રા પરિવારને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.